https://gujarati.news18.com/news/ahmedabad/gujarat-government-declare-student-business-policy-for-college-students-vc-1632563.html

# વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકારની મોટી જાહેરાત, નાના ઉદ્યોગ શરૂ કરવા મળશે આટલા રૂપિયા




પ્રારંભિક તબક્કે 500 જેટલા નોડલ ઓફિસર નિયુક્ત કરીને 2000 જેટલા વિદ્યાર્થીઓને લાભ અપવામાં આવશે. આ નિર્ણયના કારણે વિદ્યાર્થીઓને ઉદ્યોગ શરૂ કરવામાં પ્રોત્સાહન મળશે. વધુ વાંચો ...

- 1-MIN READAHMEDABAD,GUJARAT
- **LAST UPDATED :** NOVEMBER 29, 2023, 9:12 PM IST

**અમદાવાદઃ** EDIIએ 'વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસી' સંદર્ભે ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ સાથે એમઓયુ કર્યા છે. આ અંતર્ગત કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નાના ઉદ્યોગો શરૂ કરવા માટે રૂપિયા 40,000 જેટલી આર્થિક સહાય ચૂકવવામાં આવશે. પ્રારંભિક તબક્કે 500 જેટલા નોડલ ઓફિસર નિયુક્ત કરીને 2000 જેટલા વિદ્યાર્થીઓને લાભ અપાશે. એન્ટરપ્રિન્યોરશિપ ડેવલોપમેન્ટ ઇન્સ્ટીટ્યૂટ ઓફ ઇન્ડિયાએ ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ સાથે 'વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસી'ની અસરકારક અમલવારી માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. આ એમઓયુ ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી રૂષિકેશ પટેલ, ગુજરાત સરકારના ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મુકેશકુમાર, ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ નિયામક પરિમલ પંડ્યા અને ઇડીઆઇઆઇનાં ડિરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાની હાજરીમાં કરવામાં આવ્યા છે.